રાજ્યમાં એરબોર્ન લૉ એન્ફોર્સમેન્ટના અમલીકરણ સારૂ જરૂરી ઉપકરણ ખરીદ કરવા માટે ટેકનિકલ સમિતિની રચના કરવા બાબત...

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૩/૧૯૭/વિ.૫
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭.૨.૨૦૧૪

ઠરાવ :-

પ્રવર્તમાન સમયમાં શહેરીકરણનો વધતો વ્યાપ, તેની ગીચતા અને ટ્રાફિકના વધતા પ્રમાણ સાથે ગુનાખોરીમાં ઉપયોગમાં લેવાતી આધુનિક પધ્ધતિના કારણે ઉભા થતા પડકારો અને ખાસ કરીને રાજયની દરિયાઈ સીમા પર ઉદભવતા પડકારોને પંહોચી વળવા રાજયમાં એરબોર્ન લૉ એન્ફોર્સમેન્ટનું અમલીકરણ કરવા અંગેની બાબતને રાજ્ય સરકારે વિચારણામાં લીધેલ છે. આ માટે જરૂરી ઉપકરણ ખરીદવા સારૂ એક ઉચ્ચ કક્ષાની ટકનિકલ કમિટિનું ગઠન કરવાનું રાજ્ય સરકારે નક્કી કરેલ છે અને તે અન્વયે નીચે જણાવ્યા મુજબની વિગતે કમિટિનું આથી, ગઠન કરવામાં આવે છેઃ-

| | | | |
|---|---|---|---|
| ૧. | મુખ્ય સચિવ | : | અધ્યક્ષ |
| ૨. | અધિક મુખ્ય સચિવ | : | સભ્ય |
| ૩. | પોલીસ મહાનિર્દેશક | : | સભ્ય |
| ૪. | નિયામક,નાગરિક ઉડ્ડયન | : | સભ્ય |
| ૫. | સીઈઓ, ગુજસેઈલ | : | સભ્ય |
| ૬. | ચીફ પાઈલોટ, ગુજસેઈલ | : | સભ્ય |
| ૭. | ચીફ એન્જીનિયર, ગુજસેઈલ | : | સભ્ય |
| ૮. | સંયુક્ત સચિવ (કા.અને વ્ય.) | : | સભ્ય સચિવ |

રાજ્યમાં એરબોર્ન લૉ એન્ફોર્સમેન્ટ અંતર્ગત ખરીદ કરવાના થતા ઉપકરણો પરત્વે ટકનિકલ પાસાઓની ચકાસણી આ સમિતિ કરશે અને અભિપ્રાય આપશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.નિસરતા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

-મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં-૧/૫, સચિવાલય , ગાંધીનગર.
-અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયન, જી.એમ.ડી.સી. ભવન, બીજે માળ , બી-ટાવર, યુનિવર્સિટી ગ્રાઉન્ડ, વસ્ત્રાપુર, અમદવાદ.
-સી.ઈ.ઓ., ગુજસેઈલ, જી.એમ.ડી.સી. ભવન, યુનિવર્સિટી ગ્રાઉન્ડ, વસ્ત્રાપુર, અમદવાદ.
-ચીફ પાઈલોટ, ગુજસેઈલ, જી.એમ.ડી.સી. ભવન, યુનિવર્સિટી ગ્રાઉન્ડ, વસ્ત્રાપુર, અમદવાદ.
-ચીફ એન્જીનિયર, ગુજસેઈલ, જી.એમ.ડી.સી. ભવન, યુનિવર્સિટી ગ્રાઉન્ડ, વસ્ત્રાપુર, અમદવાદ.
-સિલેક્ટ ફાઈલ